Regd No MCS/025/2018-20 RNI No 1565/1957
Publish every Wednesday & Saturday
Posted at M.P.C.S.O. Mumbai-400001

વર્ષ : ૭૦, અંક - ૧૫
બુધવારે અને શનિવારે
મુંબઈ અને રાજકોટથી પ્રકાશિત
વિમાન સરચાર્જ :
ગુજરાત રાજ્યમાં ૫૦ પૈસા
ભારતનાં અન્ય સ્થળોએ ૧ રૂપિયો

http://www.janmabhoominewspapers.com
I-Phone, I-Pad :http://www.usindia.com/e/vyapargujarati.html

॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

JANMABHOOMI GROUP

વ્યાપાર

Vyapar, Mumbai, 25-7-2018 | મુંબઈ, બુધવાર, તા. ૨૫-૭-૨૦૧૮ | બહારગામની આવૃત્તિ ગુરુવાર, તા. ૨૬-૭-૨૦૧૮ | પાનાં : ૧૨ | કિંમત ₹ ૫

એક ઝલક*

ઈન્ડિ. ફૂડ બાસ્કેટ ($)	--/--	--/--
સેન્સેક્સ	૩૬૮૨૫.૧૦	(+૧૦૬.૫૦)
નિફટી	૧૧૧૩૪.૩૦	(+૪૯.૫૫)
નિક્કી	૨૨૫૧૦.૪૮	(+૧૧૩.૪૯)
હેંગસેંગ	૨૮૬૬૨.૫૭	(+૪૦૬.૪૫)
એફટીએસઈ	૭૭૨૫.૪૦	(+૬૯.૬૧)
$ - ₹ (રેફ. દર)	૬૯.૦૫	(+૦.૩૫)
€ - ₹	૮૦.૫૪	(-૦.૦૨)
૧૦૦ - ¥ - ₹	૬૧.૯૮	(+૦.૦૫)
£ - ₹	૯૦.૩૦	(+૦.૦૩)
સોનું ($/ઔંસ)	૧૨૨૭.૫૦	(+૧.૯૦)

★ તા. ૨૪/૭/૨૦૧૮ના રોજ

આપનું નાણાં આયોજન ૪

મ્યુચ્યુઅલ ફંડની સામે લોન અને તે પણ ઑનલાઈન!

તંત્રીલેખ : ૧૦

ફેરફાર નહીં, પરિવર્તન

વૃત્ત વિશેષ : ૧૧

ગોપાલકોની વીતકકથા

દેશ-વિદેશ

મેહુલ ચોક્સી એન્ટીગુઆમાં: સ્થાનિક પાસપોર્ટ મળ્યો

નવી દિલ્હી, તા.૨૪ જુલાઈ

₹૧૧,૦૦૦ કરોડના બેન્ક કૌભાંડમાં નીરવ મોદી સાથે સંકળાયેલા હીરાના વેપારી મેહુલ ચોક્સી એન્ટીગુઆમાં છે, તેમ જ ત્યાંનો સ્થાનિક પાસપોર્ટ પણ મેળવ્યા હોવાનું સૂત્રોએ કહ્યું છે. આ વર્ષના અગાઉ આ બંને વ્યક્તિ તેમના કુટુંબ સાથે દેશ છોડીને નાસી ગયા હતા.

ગયા મહિને, કેન્દ્રની તપાસ એજન્સી એનફોર્સમેન્ટ ડિરેકટોરેટે મુંબઈ કોર્ટનું કહ્યું હતું કે, આ બંનેને 'ભાગેડુ આર્થિક ગુનેગાર' જાહેર કરવામાં આવે અને તેમની ₹૩૫૦૦ કરોડની અસ્ક્યામતોને જપ્ત કરવામાં આવે. મેહુલ ચોક્સી ભારત પાછા આવવા માગતા નથી. તેમનું કહેવું છે કે જો તે ભારતમાં પરત આવશે તો તેમની હત્યા થઈ જશે.

મરાઠા આંદોલન હિંસક બન્યું : માલવાહક ટ્રકોને આગ ચાંપી

પીટીઆઇ

મુંબઈ, તા. ૨૪ જુલાઇ

રાજ્યમાં સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની માગણી સાથે મરાઠા આંદોલન મહારાષ્ટ્રમાં હિંસક બન્યું છે અને રાજ્યના વિવિધ શહેરોમાં માલનું વહન કરતી ટ્રકોને આગ ચાંપી તેમનો વિરોધ વ્યક્ત કર્યો છે.

આંદોલનના સમર્થનમાં આંદોલક કાકાસાહેબ શિંદેએ ગોદાવરી નદીમાં ડૂબીને આત્મહત્યા કર્યા બાદ આંદોલન વધારે ઉગ્ર બન્યું હતું અને તેના વિરોધમાં મરાઠા મોરચા ક્રાંતિના કાર્યકર્તાઓએ આજે અનેક ઠેકાણે માલનું વહન કરતી ટ્રકોને આગ ચાંપી હતી. ઔરંગાબાદના ગંગાપુરમાં મરાઠા આંદોલકોએ ટ્રકોને આગ ચાંપી હતી.

તોફાન અને ભાંગફોડની ઘટનાઓના પગલે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તમામ સમૂહોને શાંતિ જાળવવાની અને કાયદો હાથમાં નહીં લેવાની અપીલ કરી છે.

અષાઢી એકાદશી નિમિત્તે પંઢરપુરમાં વિઠોબા મંદિરની પૂજા સમયે મરાઠા સમાજના અમુક સભ્યો અશાંતિ ફેલાવવા માગે છે તેવું કથિત વિધાન કરવા માટે મરાઠા સમાજે આજે ફડણવીસને માફી માગવા કહ્યું હતું.

આજે નવી મુંબઈની એપીએમસી માર્કેટોના માથાડી કામદારો બંધ પાળશે

અમારા પ્રતિનિધિ તરફથી
નવી મુંબઈ, તા. ૨૪ જુલાઈ

દેશભરના ટ્રાન્સપોર્ટરોની હાલ ચાલતી બેમુદત હડતાળને ટેકો આપવા તેમ જ મરાઠા આંદોલનના પગલે એક મરાઠા યુવકે જળસમાધિ લીધી એ ઘટનાના નિષેધાર્થે આવતી કાલે અહીંની એપીએમસી બજારોના માથાડી કામદારો એક દિવસનો બંધ પાળશે. આથી અહીં લોડિંગ અને લોડિંગનું કામ ઠપ થઈ જશે.

ગ્રાહક વપરાશની ચીજો ઉપરનો જીએસટી બોજો હળવો થતાં

ઉત્પાદકો, વેપારીઓની દિવાળી સુધરી જશે

પૅઇન્ટસ, સેનિટરી નેપ્કિન હમણાં સસ્તાં નહીં થાય

અમારા પ્રતિનિધિ તરફથી
મુંબઈ, તા. ૨૪ જુલાઈ

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ની નિયમનકારી સર્વોચ્ચ સંસ્થા જીએસટી કાઉન્સિલે ગ્રાહક વપરાશની અનેક ચીજવસ્તુઓના જીએસટી દરોમાં ભારે ઘટાડો કરતાં વેપારીઓની દિવાળી સુધરી જશે. ચપ્પલ, નાના ટેલિવિઝન સેટ, વોટર હીટર્સ, ઇલેકટ્રિક ઇસ્ત્રી, રેફ્રિજરેટર્સ, લિથિયમ ઇયોન બૅટરી, હેર ડ્રાયર્સ, વેક્યુમ ક્લિનર્સ, ફૂડ એપ્લાયન્સ અને ઇથેનોલ, પેઇન્ટ્સ જેવી રોજિંદા જીવન ઉપયોગી ચીજો ઉપરનો વેરો ઘટાડવામાં આવ્યો છે.

આના કારણે થોડા સપ્તાહ (શ્રાવણ મહિનાથી) બાદ શરૂ થનારી તહેવારોની મોસમનો વેપારીઓને ભરપૂર લાભ મળશે. 'અમારી દિવાળી સરકારે સુધારી દીધી' એમ ઇલેકટ્રિક બજારના એક વેપારીએ વ્યાપારને કહ્યું.

ફાસ્ટ મૂવિંગ કન્ઝયુમર ગુડ્સ (એફએમસીજી) કંપનીઓ જીએસટી ઘટાડાના પગલે તેનો લાભ ગ્રાહકોને પહોંચાડશે. તેમનું માનવું છે કે વેરામાં રાહતનો લાભ ગ્રાહકોને આપવાથી આગામી તહેવારોની મોસમમાં વેચાણ વધશે અને તેની સીધી અસર કંપનીનાં વેચાણ તથા નફા ઉપર જોવા મળશે. સરકારને જોકે આ રાહતોના કારણે રૂા. ૬૦થી રૂા. ૭૦ અબજનો બોજ આવશે ખરો, પણ વેચાણ વધવાથી સરકારને ટેક્સની આવક વધવાથી આ ઘટાડાની અસર સરભર થઈ જશે. ખાસ કરીને હોટેલ્સ અને ટેક્સ્ટાઇલ ઉદ્યોગને આ ઘટાડો ગતિશીલ લાગશે.

જીએસટી કાઉન્સિલે એક વર્ષમાં ૨૮ ટકા ટૅક્સ બ્રેકેટની ૧૯૧ ચીજ-વસ્તુ ઉપરનો વેરો ઘટાડ્યો છે, તેને પગલે હવે સૌથી ઊંચા વેરા માળખામાં માત્ર ૩૫ ચીજ-વસ્તુઓ જ રહી છે. આમાં એસી, ડિજિટલ કૅમેરા, વીડીયો રેકોર્ડર, ડિશ - વૉશિંગ મશીન અને ઑટોમોબાઈલ્સ સહિતની ચીજોનો સમાવેશ છે. ગુડ્સ ઍન્ડ સર્વિસિસ ટૅક્સ (જીએસટી) ૧ જુલાઈ, ૨૦૧૭ના લાગુ થયો તે સમયે ૨૮ ટકાના સ્લેબમાં ૨૨૬ ચીજો હતી. એક વર્ષમાં કેન્દ્રિય નાણાં પ્રધાનની અધ્યક્ષતા

GST
GOODS & SERVICE TAX

હેઠળની રાજ્યના નાણાં પ્રધાનોની બેઠકમાં ૧૯૧ ચીજોના વેરા દર ઘટાડાયા છે.

જે ૩૫ ચીજો ટોચના વેરા બ્રેકેટમાં છે અને ૨૭ જુલાઈથી તે લાગુ પડવાના છે તેમાં સિમેન્ટ, ઑટોમોબાઈલ પાર્ટસ, ટાયર, ઑટોમોબાઈલ ઉપકરણો, મોટર વેહિકલ, યૉટ, ઍરક્રાફ્ટ, એરેટેડ પીણાં ઉપરાંત ટોબેકો, સિગારેટ અને પાન મસાલા જેવી બેટિંગ અને ડિમેરિટ ચીજોનો સમાવેશ છે. નિષ્ણાતોનું કહેવું છે કે કાઉન્સિલ ૨૮ ટકાનો સ્લેબ સુપર લક્ઝરી અને સિન ગુડ્સ સુધી મર્યાદિત રાખવા વધુ વ્યવહારું અભિગમ અપનાવશે.

ડેલોઈટ ઇન્ડિયાના પાર્ટનર એમ. એસ. મણિએ કહ્યું કે તાજેતરનો વેરા ઘટાડો સ્થિર થયા પછી બાકીની ચીજો જેવી કે તમામ કદના ટેલિવિઝન, ડિશવોશર, ડિજિટલ કૅમેરા, એરકન્ડિશનર ઉપર જીએસટીની વસૂલી ઘટાડીને ૧૮ ટકાએ લવાય તે ધારણા સ્વાભાવિક છે. કાઉન્સિલે ૧૫ ચીજો ઉપરનો ૨૮ ટકાનો વેરો ઘટાડી ૧૮ ટકા કર્યો છે જેમાં વેક્યુમ ક્લિનર, વૉશિંગ મશીન, ૬૮ સે.મી. (૨૭ ઈંચ)ના ટીવી, ફ્રીજ, લોન્ડ્રી મશીન, પેઈન્ટ્સ અને વાર્નિશનો સમાવેશ છે.

અધિકારીએ કહ્યું કે, વેરામાં ઘટાડાને કારણે આવકમાં ₹ ૬૦ અબજનો ઘટાડો થશે. જોકે, ખરીદી વધવાથી અને નિયમનો અમલ થવાથી તેની વધારે અસર નહીં જોવાય અને સરકારી તિજોરીમાં વધુ ભંડોળ આવશે. ઈવાય પાર્ટનર અભિષેક જૈને કહ્યું કે, "કેટલીક ચીજોના જીએસટીના દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાને કારણે એવો સંકેત મળે છે કે સરકાર ૨૮ ટકાનો દર સુપર લક્ઝરી આઈટમ્સ અને સિન ગુડ્સ પૂરતો મર્યાદિત રાખવા માટે સ્પષ્ટ છે.''

સેનેટરી પેડ્સના ભાવ ઘટાડવાના માર્ગ વિચારાઈ રહ્યા છે

જીએસટી કાઉન્સિલે સેનેટરી પેડ્સ ઉપર ટૅક્સ શૂન્ય કરી નાખતા કંપનીઓ ઇનપુટ ટૅક્સ ક્રેડિટ સરકાર પાસેથી માગી નહીં શકે તેથી તેઓ ઉત્પાદન ખર્ચ સાથે પોતાનો નફો જોડી રાહત પહેલાંના દર જાળવી રાખશે એવી આશંકા સરકારને છે. તેથી સરકારે આ નેપ્કિનનું ઉત્પાદન કરતી મોટી કંપનીઓ પાસેથી ઉત્પાદન ખર્ચની વિગતો માગી છે. સેનેટરી નેપ્કિન્સ ઉપર ૧૨ ટકા જીએસટી હતો, તેને જીએસટી કાઉન્સિલે સંપૂર્ણ માફ કર્યો છે. સરકારે સેનેટરી નેપ્કિન્સ ઉપર થતા ઉત્પાદન ખર્ચની વિગતો માગી હોવાથી કંપનીઓ આ પ્રોડક્ટસના ભાવ હાલ ઘટાડે તેવી શકયતા ઓછી છે તેથી ગ્રાહકોને તેનો લાભ તત્કાળ નહીં મળે.

જો કોઈ માલ ઉપર જીએસટી સંપૂર્ણપણે માફ થાય તો તે માલના ઉત્પાદન માટે વપરાતા કાચા માલની ખરીદી ઉપર ભરેલા ટૅક્સને વળતર પેટે માગી શકાતો નથી, એટલે કે ઇનપુટ ટૅક્સ ક્રેડિટ મળતી નથી.

એવી જ રીતે પેઇન્ટ્સ સેક્ટરને પણ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો છે પરંતુ ક્રૂડતેલના ઊંચા ભાવના કારણે તેમાંથી તૈયાર થતા મોનોમર્સ અને ટિટાનિયમ ડાયોક્સાઇડના ઊંચા ભાવથી પેઇન્ટ્સનો ઉત્પાદન ખર્ચ બહુ નહીં ઘટે અને ગ્રાહકોને તેનો તાત્કાલિક લાભ નહીં મળે, એમ સૂત્રોએ જણાવ્યું છે.

જીએસટી દરમાં ફેરફારથી કેટલાક શૅર્સમાં તેજીનાં એંધાણ

શૅરબજારમાં કૉન્સોલિડેશનનો તબક્કો શરૂ થયો

મુંબઈ, તા. ૨૪ જુલાઈ

મિડકૅપ કંપનીઓના શૅર્સમાં લગભગ ૫૦થી ૬૦ ટકાનું કરેકશન જોવા મળે છે. હજુ વધુ કરેકશનની સંભાવના છે, પરંતુ અહીંથી શૅરબજાર ખૂબ ઝડપી અને ખૂબ મોટી તેજી જોશે. રેર એન્ટરપ્રાઈસીઝના પાર્ટનર અને શૅરબજારના ટોચના ખેલાડી રાકેશ ઝુનઝુનવાલા જણાવે છે કે બજારમાં મંદીનો તબક્કો નથી. બજારમાં ધ્રુવીકરણ છે, પરંતુ તે એની જાતે જ સરભર થશે. મિડકૅપ શૅર્સના ભાવમાં અસાધારણ વધારો હતો. શૅર્સ લગભગ પાંચ ગણા ઊંચા ભાવે હતા. હાલમાં બજાર કરેકશન અને કોન્સોલિડેશનના તબક્કામાં છે. મને લાગે છે કે ભારતીય અર્થતંત્ર વૃદ્ધિના પાટે આગળ ધપી રહ્યું છે. મૂડી રોકાણો વધી રહ્યાં છે, માગ વધી રહી છે. એનસીએલટી મારફતે દેશમાં જે ચૂપચાપ ફેરફારો થઈ રહ્યા છે, તેનાથી ધિરાણોની શિસ્ત વધશે.

જિયોજિત ફાઈનાન્સિયલ સર્વિસીસ રિસર્ચના હેડ વિનોદ નાયરે કહ્યું કે બજારમાં તેજીને અવકાશ છે કારણ ઘણા જાતવાન શૅરના ભાવ ઘટ્યા છે. બીએસઈ સ્મોલકૅપના જે શૅર ૫૦ ટકાથી પણ વધુ ઘટ્યા છે, તેમાં ઓમકાર સ્પેશિયાલિટી કેમિકલ્સ, આઈવીઆરસીએલ, ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રકચર, સુનિલ હાઈટેક એન્જિનિયર્સ, જેબીએફ ઈન્ડસ્ટ્રીઝ અને એચસીસી છે. રોકાણકારોએ લાંબા ગાળાની દૃષ્ટિ રાખીને પોતાનો પોર્ટફોલિયો મજબૂત બનાવવા માટે શૅર ખરીદવાનો આ અવસર છે, એવી સલાહ નાયરે આપી હતી. ઘણા મિડકૅપ અને સ્મોલકૅપ શૅર્સના ભાવ ઘટ્યા પછી આકર્ષક બન્યા છે, પણ ઉંચી-ગુણવત્તાવાળા શૅર્સમાં હજી એટલો ઘટાડો થયો નથી. તેથી પોર્ટફોલિયો બનાવવામાં શૅર્સની પસંદગી ખૂબ ધ્યાનપૂર્વક કરવી પડશે.

જ્યારે ટ્રસ્ટલાઈન હોલ્ડિંગ્સના ફાઉન્ડર સીઈઓ અને ફંડ મેનેજર અરુણાગીરી એ કહ્યું કે, દરેક ઘટાડામાં સ્મોલકૅપ શૅર ઘટતા હોય છે, જે તેજીમાં વધે છે. ભાવની આ ચઢ-ઊતરને ધ્યાનમાં રાખીને રોકાણકારોએ તેને અનુસરવું.

નવા જીએસટી દર સકારાત્મક ખરીદીને પ્રોત્સાહન આપશે, એમ એસ્સેલ મ્યુચ્યુઅલ ફંડના સીઈઓ વીરલ બેરાવાલે જણાવ્યું હતું. પેઈન્ટ્સ, ઈલેકટ્રિકલ્સ, સેનિટરી પેડ્સ અને લેધર આઈટમો ઉપર જીએસટી દર ઘટાડવામાં આવ્યા છે. હજી ઘણી એવી ચીજ છે જે ૧૮ ટકાના જીએસટી માળખામાં હોવી જોઈએ, એમ પણ તેમણે જણાવ્યું હતું.

એમકે ગ્લોબલ ફાઈનાન્સિયલ સર્વિસીસ રિસર્ચના હેડ, ઈકોનોમિસ્ટ અને સ્ટ્રેટેજિસ્ટ ધનંજય સિન્હાએ કહ્યું કે, આગામી તહેવારોની સિઝન અને કેટલાંક રાજ્યોમાં ચૂંટણી આવશે તેથી આવા પ્રકારનું પ્રોત્સાહન મળવાની આશા હતી.

બૅન્કો અને જ્વેલરી નિકાસકારોને જીએસટીમાં મોટી રાહત

મુંબઈ, તા. ૨૪ જુલાઈ

જીએસટી કાઉન્સિલે સૂચવ્યું છે કે કલીયરન્સ પૂર્વે કોઈપણ વ્યક્તિને વેરહાઉસ ગુડ્સ ઘરવપરાશ માટે સપ્લાય કરાય તો તે 'સપ્લાય' ગણાશે નહીં અને આવા સોદા પર જીએસટી લાગશે નહીં. આથી બૅન્કો અને જ્વેલરી નિકાસકારોને મોટી રાહત મળી છે.

બૅન્કોને પ્રથમ આયાત પર જીએસટી ભરવો પડતો હતો અને પાછળથી ક્રેડિટ વાપરી શકાતી હતી. આથી તેમની વર્કિંગ કેપિટલ મોટા પ્રમાણમાં રોકાઈ જતી હતી. એ જ રીતે નિકાસકારોને પણ પ્રથમ જીએસટી ભરવો પડતો હતો અને પાછળથી રિફંડનો દાવો કરવો પડતો હતો. નિકાસકારો વતી નિકાસ હેતુ માટે સોનાની આયાત કરતી બૅન્કો અને જ્વેલરી નિકાસકારોને ભારે રાહત થઈ છે.

હવે બૅન્કો સોનું આયાત કરી કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં રાખી શકશે. તે કસ્ટમ કલીયરન્સ વગર નિકાસકારોને સપ્લાય કરી શકાશે. જ્યારે આયાતી ગુડ્સ સ્થાનિક વપરાશ માટે કલીયર કરાય ત્યારે જ જીએસટી લાગુ પડશે.

અમુક જોબવર્ક કરવા કે પુનઃ નિકાસ કરવા- આયાત કરાય તો તેને પણ રાહત મળશે. ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનના નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએ જણાવ્યું છે કે બૅન્કોએ ઓછામાં ઓછું ૨૦ ટકા આયાતી સોનું બોન્ડેડ વેરહાઉસોમાં રાખવું જોઈએ કે જેથી નિકાસકારોને જીએસટી પેમેન્ટ વગર બૅન્કો પાસેથી સોનું મળી શકે. સામાન્યત આયાતી સોનાનો ૨૦ ટકા હિસ્સો નિકાસ હેતુ માટે હોય છે. અત્યારે બૅન્કો સોનું બોન્ડેડ વેરહાઉસમાં રાખતી નથી પણ તેમના પોતાના વેરહાઉસમાં રાખે છે, કારણ કે બૅન્કો કન્સાઇમેન્ટ પર સોનાની આયાત કરે છે.

૨૦૪ લિસ્ટેડ કંપનીઓના ઑડિટર્સનાં રાજીનામાં

એજન્સીસ
નવી દિલ્હી, તા. ૨૪ જુલાઈ

આ વર્ષે તા. ૧ જાન્યુઆરીથી તા. ૧૭ જુલાઈની વચ્ચે લિસ્ટેડ કંપનીઓમાંથી ૨૦૪ જેટલા ઑડિટરોએ રાજીનામાં આપી દીધાં છે. અર્થાત રોજ એક ઑડિટર રાજીનામું આપી રહ્યો છે. આમ કોર્પોરેટ ગવર્નન્સના સ્ટાન્ડર્ડ અંગે ઘણા પ્રશ્નો નિર્માણ થયા છે અને પોલિસી સર્કલમાં ખતરાની ઘંટડી વાગી ગઈ છે. કોર્પોરેટ અફેર્સ મંત્રાલય માટે આ તપાસનો વિષય બની ગયો છે. આ હિજરતનાં કારણોમાં બિઝનેસ અંગેની પૂરની માહિતીનો અભાવ, આવકમાં અને અન્ય નાણાકીય આંકડાઓની અસંગતતા અને આરોગ્યની ચિંતાનો સમાવેશ થાય છે.

મુંબઈમાં ડ્રાયફ્રૂટ સસ્તાં નહીં થાય

એફડીએના અધિકારીઓ આયાતી માલ સમયસર છૂટો કરતા નથી

મણિલાલ ગાલા
નવી મુંબઈ, તા. ૨૪ જુલાઈ

અફઘાનિસ્તાનમાંથી હવે વધુ પ્રમાણમાં સૂકો મેવો અને સફરજનની આયાત થવાની હોવાથી તેના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો થવાની શકયતા હોવા છતાં મુંબઈમાં તેની શક્યતા નહીંવત છે.

મુંબઈ ડ્રાયફ્રૂટસ એન્ડ ડેટ્સ એસોસિયેશનના પ્રમુખ વિજયભાઈ ભુતાએ જણાવ્યું હતું કે અગાઉ વાયા પાકિસ્તાન ભારતમાં અફઘાનિસ્તાનથી સૂકોમેવો આવતો હતો. હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પહેલથી સીધી ફ્લાઇટો શરૂ થતાં માલ આવવો શરૂ થયો છે. માલ દિલ્હી અને પંજાબ જતો હોવાથી મુંબઈમાં તેના ભાવ ઘટવાની શક્યતા નથી.

જોકે, તેમણે જણાવ્યું હતું કે મુંબઈમાં ફૂડ ઍન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના અધિકારીઓની કનડગતને કારણે મુંબઈના આયાતકારો અહીં ડ્રાયફ્રૂટના કારગો મંગાવતા અચકાય છે.

ભુતાએ વધુમાં કહ્યું કે મુંબઈ આવતાં કન્સાઇનમેન્ટને ચેકિંગ માટે ૧૫ દિવસ સુધી અટકાવી રાખવામાં આવે છે અને કનડગત વધુ હોવાથી અહીંના આયાતકારો માલ મુંબઈ મંગાવતા નથી. જો એફડીએ માલ સમયસર છૂટો કરે તો મુંબઈગરાને આગામી તહેવારોની મોસમમાં ડ્રાયફ્રૂટસ સસ્તું મળે અને સારી ક્વોલિટીનો માલ મળે.

ગત સપ્તાહમાં અફઘાન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ તેમ જ કૃષિ તેમ જ સિંચાઈ મંત્રાલય દ્વારા યોજાયેલા ટ્રેડ મિશનમાં અફઘાનિસ્તાનના મોટા નિકાસકારોએ ભારતમાં ડ્રાયફ્રૂટસ અને સફરજનની નિકાસ કરવા માટે ૬.૭૦ કરોડ ડૉલરના કૉન્ટ્રેક્ટ કર્યા હતા. આ કરાર હેઠળ કિસમિસ, કેસર, સફરજન ઉપરાંત દ્રાક્ષ, જળદાલુ, દાડમ, પિસ્તા, અંજીર, હીંગરો વગેરેની ભારતમાં નિકાસ થશે.

હાલ ભારત અફઘાનિસ્તાનમાંથી વર્ષે ૪૩.૩૦ કરોડ ડૉલરના ડ્રાયફ્રૂટસ અને સફરજન વગેરેની આયાત કરે છે. જેમાં હવે લગભગ ૧૫ ટકાનો વધારો થશે, એમ વર્તુળોએ જણાવ્યું હતું.

ગત વર્ષે કાબુલથી દિલ્હી અને મુંબઈની બે ડાયરેકટ કારગો ફ્લાઇટ શરૂ કરવામાં આવી હતી અને આજ સુધીમાં લગભગ આ બન્ને દેશો વચ્ચે લગભગ ૧૦૦ કારગો ફ્લાઇટ આવી ચૂકી છે. આમ અફઘાનિસ્તાન સરકારને આશા છે કે ભારત અને તેના વચ્ચે વેપાર વધશે.

---

૬૫ ટકા ગ્રેડની આયર્ન ઓર $ ૧૦૦ વટાવી જવાની સંભાવના

ઇબ્રાહિમ પટેલ
મુંબઈ, તા. ૨૪ જુલાઈ

ચીનમાં થઇ રહેલા માળખાગત ફેરફારો ઊંચા ગ્રેડના આયર્ન ઓરની આવશ્યકતામાં વૃદ્ધિ કરશે. પર્યાવરણને નુકસાન પહોંચાડતા ઉદ્યોગો પર નિયંત્રણો વધારવાના આશયથી ચીન સત્તાવાળા હવે ઓદ્યોગિક પ્રવૃત્તિ મર્યાદિત કરવા માગે છે, એ જોતાં ઉચ્ચ ગુણવત્તાના આયર્ન ઓરના ભાવ ૧૦૦ ડૉલર વટાવી જવાની શકયતા છે. ચીનના મહત્વના ઓદ્યોગિક વિસ્તાર તેન્જીનના નિયમનકારોએ ૨૦ જુલાઈથી ૩૧ ઓગસ્ટ સુધી કોકિંગ કોલ અને સ્ટીલ ઉત્પાદન ઘટાડવાના આદેશ આપી દીધા છે. માર્ચ અને નવેમ્બર ૨૦૧૭ વચ્ચે મૂકવામાં આવેલાં નિયંત્રણો પછી ફરીથી આ આદેશ આવી પડ્યો છે.

જાગતિક વેપાર સંઘર્ષ વધવા છતાં ૬૫ ટકા ગ્રેડના આયર્ન ઓરના ભાવ સકારાત્મક ઝોનમાં દાખલ થયા છે. માર્ચમાં ભાવે તળિયું જોયા બાદ દર મહિને સુધારો જોવાયો છે, મંગળવારે ભાવ ૯૧.૭૦ ડોલર પ્રતિ ટન બોલાયા હતા. આથી વિપરીત મેટલ બુલેટીન દ્વારા પ્રસિદ્ધ થતા બેન્ચમાર્ક ૬૨ ટકા આયર્ન ઓરના ભાવ ૬૫.૧૪ ડોલર અને ૫૮ ટકાના ૩૮.૧૬ ડોલર બોલાયા હતા. બે ગ્રેડ વચ્ચેના ભાવમાં મોટો તફાવત પડી ગયો છે. ૬૫ ટકાના ૧૦૦ ડોલર થશે, એવી આગાહીનો હવાલો આપી વૂડ મેકેન્ઝી કંપની કહે છે કે ચીનના ઉત્પાદન અને નવી નીતિની જાહેરાતને પગલે ટૂંકા ગાળામાં તેજીની સંભાવના છે.

વૂડ મેકેન્ઝીના વાઈસ પ્રેસિડેન્ટ પોલ ગેરી કહે છે કે ૫૮ ટકા, બેન્ચમાર્ક ૬૨ ટકા અને ૬૫ ટકા ગ્રેડના આયર્ન ઓર વચ્ચે ભાવ તફાવત વધવાની સંભાવના ભલે રહી, પણ ત્રણ આંકડાનો ભાવ લાંબો સમય નહિ ટકે. તેમનું માનવું છે કે હાઈ ગ્રેડ અને બેન્ચમાર્કનો ભાવ તફાવત ચીનના શિયાળા દરમિયાન સરેરાશ ૨૬ ટકા રહેશે, જે ગતવર્ષના સમાનગાળા કરતાં સહેજ ઉંચો હશે. લાંબાગાળે ચીનના સ્ટીલ નફામાં પીછેહઠ થવા સાથે આ ભાવગાળો સંકળાવા લાગશે. સ્ટીલ ઉત્પાદનમાં લગામ તાણવાનાં પગલાઓની અસરતળે બેન્ચમાર્ક આયર્ન ઓરના ભાવ ચોથા ત્રિમાસિકમાં ૭૦ ડોલર વટાવી જવાની શકયતા છે, એવું સીટી ગ્રુપે એક નૉંધમાં જણાવ્યું છે. સીઆરયુ ગ્રુપના એનાલિસ્ટ કહે છે કે ચીનના સ્ટીલ અને કોકિંગ કોલના નફા અને ઊંચા ભાવને લીધે ઊંચા ગ્રેડના પ્રીમિયમમાં વધારો થઇ રહ્યો છે, જેમાં અમે પાછળથી ઘટાડાની સંભાવના જોઈ રહ્યા છીએ. કેનેડિયન પ્રોજેક્ટસ અને બ્રાઝિલની વલે ખાણ એસ૧૧ડીમાં સમૃદ્ધ ઓરનું ઉત્પાદન વધી રહ્યું છે, જેથી બજારમાં આવી હાઈગ્રેડ ઓરની આવકો વધશે.

સ્ટીલના ભાવ અને નફાના ગાળા વધી રહ્યા છે ત્યારે ચીન ઈચ્છશે કે તેની સ્ટીલ મિલો ઊંચા ગ્રેડના કાચામાલનો આગ્રહ રાખે, આને લીધે માધ્યમ અને ઊંચા ગ્રેડના આયર્ન ઓર કરતાં નીચા ગ્રેડના માલો વચ્ચે વધુ ડિસ્કાઉન્ટ જોવાઈ રહ્યું છે. પરિણામે એકતરફ નીચી ગુણવત્તાના ભાવ દબાણમાં આવ્યા છે તો બીજી તરફ ચીન જે બ્રાઝિલ અને ઓસ્ટ્રેલિયા જેવા સીબોર્ન ક્વાલિટી માલોનું ઉત્પાદન નથી કરતું, તે હવે ક્વોલિટી આયર્ન ઓર માલો ઉત્પાદિત કરવા પ્રેરાયા છે.

ભારતમાં કર્ણાટક રાજ્ય જે આયર્ન ઓર નિકાસના દરવાજા ખોલવા માટે લડત આપી રહ્યું છે, તેણે હવે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે આયાત પર નિયંત્રણ મૂકો, જે અમારા ખાણ ઉદ્યોગની મુશ્કેલી વધારી રહી છે. રાજ્યના ખાણ પ્રધાને કેન્દ્રના વાણિજ્ય મંત્રાલયને પત્ર લખી કહ્યું છે કે રાજ્યની સ્ટીલ મિલોને આદેશ આપે કે તેઓ બહારથી કાચોમાલ ન ખરીદે અને તેમની આવશ્યકતાનો માલ સ્થાનિક ખાણોમાંથી જ પ્રાપ્ત કરે. આનાથી રાજ્યનો માલભરાવો ઓછો થશે, જે માસિક ૪૫ લાખ ટનના દરે વધી રહ્યો છે. ઉત્પાદકો નીચી ઉત્પાદનક્ષમતાએ કામ કરી રહ્યા હોવાથી તેમણે પેલેટ નિકાસની પરવાનગી માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.